# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-08-2026 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## રક્ષાબંધ પર્વની ઉજવણી

આજના દિવસે ભાઈ-બહેનના અતૂટ પ્રેમ અને પવિત્ર સંબંધોના પ્રતીક સમાન રક્ષાબંધનનો મહાપર્વ સમગ્ર દેશભરમાં ભારે ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવાઈ રહ્યો છે. બહેનોએ પોતાના ભાઈના કાંડે રક્ષા સૂત્ર એટલે કે રાખડી બાંધીને તેમના દીર્ઘાયુ અને ઉજ્જવળ ભવિષ્યની કામના કરી હતી, જ્યારે ભાઈઓએ પણ બહેનોને રક્ષણનું વચન આપી સુંદર ભેટ-સોગાદો અર્પણ કરી હતી. આ પવિત્ર પર્વની ઉજવણી માત્ર સામાન્ય ઘરો પૂરતી સીમિત ન રહેતા, ભુજ નજીક આવેલી પાલારા ખાસ જેલ તથા ગળપાદર જિલ્લા જેલ ખાતે પણ અત્યંત ભાવુક અને સંવેદનશીલ માહોલમાં જોવા મળી હતી. જેલ વિભાગના ઉચ્ચ અધિકારીઓની માર્ગદર્શિકા હેઠળ પ્રશાસન દ્વારા વિશેષ આયોજન કરાયું હતું, જેથી કેદીઓ પોતાના પરિવારથી વંચિત ન રહે. મોટી સંખ્યામાં બહેનો જેલ ખાતે પહોંચી ભાઈઓના કાંડે રાખડી બાંધી હતી અને પરિવારથી દૂર રહેલા કેદીઓ માટે આ મિલનની ક્ષણ અત્યંત લાગણીસભર બની રહી હતી.

રાજ્યભરમાં વિવિધ મહાનુભાવોએ પણ આજે રક્ષાબંધનની ઉજવણી કરી. ગાંધીનગરમાં લોકભવન ખાતે SOS સંસ્થાના કચ્છ-ભુજ કેન્દ્રની બાળાઓએ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને રાખડી બાંધી તેમને પોતાના હાથેથી તૈયાર કરેલું ચિત્ર ભેટમાં આપ્યું. રાજ્યપાલશ્રીએ પણ બાળાઓ સાથે સંવાદ કરી તેમનાં શિક્ષણ, અભ્યાસ અને ભવિષ્યના ધ્યેય અંગે માહિતી મેળવી.

સાંસદ વિનોદભાઇ ચાવડાએ સ્વચ્છાગ્રહીની બહેનો સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી કરી. તેમણે બહેનો પાસેથી રાખડી બંધાવી અને તેમને ભેટ આપી હતી. માંડવીના ધારાસભ્ય અનિરૂધ્ધભાઇ દવેએ માંડવી નગરપાલિકાના સફાઈકામદાર બહેનો સાથે પર્વની ઉજવણી કરી.

ભુજ શહેર પોલીસ શી-ટીમ દ્વારા બજાર ચાવડી અને  દાદા-દાદી પાર્ક ખાતે સિનિયર સિટિઝનોને રાખડી બાંધી તેમની સુરક્ષા અને સહકાર માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી.  વિવિધ સંસ્થાઓ, મંડળો અને સંગઠનો દ્વારા વૃધ્ધાશ્રમો, સંસ્થાઓ ખાતે અને સરહદના જવાનો સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી.

---------------------------------------------------------------------------------

## મોટા યક્ષ મેળાની તૈયારીઓ

કચ્છના સૌથી મોટા અને મિની તરણેતર સમાન કકડભિટ્ટ મોટા યક્ષ ખાતે આગામી ૨૭ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન યોજાનારા ચાર દિવસીય ઐતિહાસિક મેળાની તૈયારીઓનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. સાંયરા જૂથ પંચાયત, ભોવા પરિવાર અને મેળા સમિતિની બેઠક મળી હતી જેમાં વિવિધ નિર્ણયો લેવાયા હતા. મેળાનું ૨૭મીએ વિધિવત ઉદ્ઘાટન થશે, તા. ૨૯મીએ સવારે મલ-બલાખડો યોજાશે. મેળામાં રમકડાં બજાર, મનોરંજન વિભાગ, હોટલો અને ખાણી-પીણીના પ્લોટની ફાળવણી આગામી દિવસોમાં કરાશે. મેળામાં ૩૦૦ જેટલા પોલીસ અને હોમગાર્ડના જવાનો બંદોબસ્ત સંભાળશે અને સમગ્ર મેળામાં સીસીટીવી કેમેરાની નજર રહેશે.

---------------------------------------------------------------------------------

## નલિયામાં સંસ્કૃત ગૌરવાયાત્રા

ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ પ્રેરિત `સંસ્કૃત સપ્તાહ' નિમિત્તે નલિયાની ચાર મુખ્ય હાઈસ્કૂલોના સંયુક્ત ઉપક્રમે ભવ્ય `સંસ્કૃત ગૌરવયાત્રા' યોજાઈ હતી, જેમાં 550થી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકો ઉલ્લાસભેર જોડાયા હતા. સુસજ્જ બેન્ડ સાથે નીકળેલી આ યાત્રામાં વિદ્યાર્થીઓએ સંસ્કૃત મંત્રોચ્ચાર, સુભાષિતો અને પ્રેરણાદાયી સૂત્રો દ્વારા વાતાવરણ ગુંજવી દીધું હતું. પ્રાચીન ભારતીય જ્ઞાન - પરંપરાને ઉજાગર કરતી સપ્તર્ષિઓની વેશભૂષાનો ટેબ્લો નગરજનોમાં મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો

---------------------------------------------------------------------------------

## અંજાર એસડી ડેપો : ગેરહાજર કર્મચારીઓને બરતરફ કરાયા

અંજાર એસ.ટી. ડેપોમાં લાંબા સમયથી બિનઅધિકૃત ગેરહાજર રહેતા ૯ કંડક્ટર અને ૨ ડ્રાઇવર સહિત કુલ ૧૧ કર્મચારીઓને તાત્કાલિક અસરથી નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા છે. ડેપો મેનેજર એચ. આર. શામરાએ ભુજ વિભાગીય નિયામકના માર્ગદર્શન હેઠળ આ કડક કાર્યવાહી કરી છે.

આ કર્મચારીઓની લાંબી ગેરહાજરીથી એસ.ટી. સંચાલન ખોરવાયું હતું અને મુસાફરોને ભારે હાલાકી વેઠવી પડતી હતી. શિસ્તના ભંગ બદલ લેવાયેલા આ દંડાત્મક પગલાથી કર્મચારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. જોકે, હુકમ મુજબ આ કર્મચારીઓ ૩૦ દિવસમાં અપીલ કરી શકશે.

---------------------------------------------------------------------------------

## માંડવી : જર્જરિત શાળાનું નવનિર્માણ થશે

માંડવીના એસ.કે. વર્મા બાબા વાડી સ્થિત જર્જરિત માધવ નગર સોસાયટી પ્રાથમિક શાળાના સ્થાને રૂ. ૯૨.૭૫ લાખના ખર્ચે નવી શાળાનું નિર્માણ થવા જઈ રહ્યું છે.

રક્ષાબંધનની પૂર્વસંધ્યાએ યોજાયેલા ભૂમિપૂજન સમારોહમાં માંડવીના ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવેએ અનોખી પહેલ કરી બે કુમારિકાઓના હસ્તે ખાતમુહૂર્ત કરાવ્યું હતું. ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે બનનારી આ શાળામાં પાંચ નવા વર્ગખંડો તૈયાર કરાશે. આગામી આઠ માસમાં બાંધકામ પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓને નવા શૈક્ષણિક સત્રથી આધુનિક સુવિધાયુક્ત મકાનનો લાભ મળશે.

--------------------------------------------------------------------------------

## નખત્રાણા નગરપાલિકાની બેઠક

નખત્રાણા નગરપાલિકાની કારોબારી બેઠક ચેરમેન ચંદનસિંહ રાઠોડના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી, જેમાં વિકાસ કામોના ટેન્ડરોને મંજૂરી અપાઈ હતી. આગામી ભાદરવા માસમાં યોજાનાર રામદેવપીરના મેળાના આયોજન માટે વ્યવસ્થા સમિતિની રચના કરાઈ હતી. ચીફ ઓફિસર ભાવિન કંધારી દ્વારા એજન્ડા રજૂ કરાયા બાદ વિવિધ વિકાસ કાર્યોની ચર્ચા કરાઈ હતી.

--------------------------------------------------------------------------------